# અયોધ્યા યાત્રાને નિષ્ફળ બનાવવા સરકારની તૈયારી

લખનૌ,તા. ૨૩

વિશ્વહિંદુ પરિષદની અયોધ્યા કૂચને લઈને ઉત્તર પ્રદેશની અખિલેશ સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશ સરકારે વિહિપની અયોધ્યા માર્ચને નિષ્ફળ બનાવવા તૈયારી કરી લીધી છે. અયોધ્યાની આસપાસના છ જિલ્લાઓમાં તમામ જગ્યાઓએ સુરક્ષા જવાનો તૈનાત કરી દેવાયા છે. માત્ર રાજ્ય પોલીસ જ નહીં બલ્કે કેન્દ્રીય અર્ધલશ્કરીદળોને પણ ઉતારી દેવામાં આવ્યા છે. વિશ્વહિંદુ પરિષદના કાર્યકરો સાથે રવિવારના દિવસો અથડામણ થાય તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. એકબાજુ વિશ્વહિંદુ પરિષદે આ યાત્રાને લઈને મક્કમતા દર્શાવી છે. સરકારે પ્રતિબંધ મૂક્યો હોવા છતાં યાત્રાને આગળ વધારવાની તૈયારી બતાવી છે. આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે જેથી આવી કોઈપણ પ્રકારની કૂચ કોમી હિંસા ભડકાવી શકે છે. ગૃહના મુખ્યસચિવ આર એમ શ્રીવાસ્તવે કહ્યું છે કે જો વિશ્વહિંદુ પરિષદના કાર્યકરો ૮૪ કોસ પદયાત્રાને આગળ વધારવા મક્કમ રહેશે તો રાજ્ય સરકાર કઠોર રીતે કાર્યવાહી કરશે. કેન્દ્ર સરકારને અર્ધલશ્કરી



દળો મોકલવા કહેવામાં આવ્યું છે. ૨૫ કામચલાઉ જેલ પણ ઉભી કરવામાં આવી છે. વિશ્વહિંદુ પરિષદના ટોચના નેતાઓની ચળવળ ઉપર નજર રાખવામાં આવી રહી છે. પોલીસને વિહિપના કાર્યકરો સામે પગલાં લેવા સૂચના આપી દેવામાં આવી છે. અયોધ્યા તરફ આવતી ટ્રેનો, બસ અને અન્ય વાહનોની ચકાસણી થઈ રહી છે. શંકાસ્પદ લોકોને કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા છે. આ છ જિલ્લાઓના વહીવટી તંત્ર દ્વારા લોકોના એકત્રિત થવા સામે કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકાર પણ રેપીડ એક્શન ફોર્સની ૧૦ કંપનીઓ મોકલવા તૈયાર થઈ ગઈ છે જે ફૈઝાબાદ, બરેચ, ગોંડા, આંબેડકરનગર, બસ્તી અને બારાબંકીમાં ગોઠવવામાં આવશે. અયોધ્યામાં પહેલાથી જ એક કંપની ગોઠવવામાં આવી છે. બીજી બાજુ વિશ્વ હિંદુ પરિષદે પણ તેમની યોજનાને સફળ બનાવવા તૈયારી કરી લીધી છે. વિહિપમાં સૂત્રોએ કહ્યું છે કે આશરે ૬૦૦ ગામોમાં તેમના યુનિટ એલર્ટ થઈ ગયા છે. સ્થાનિક નેતાઓને ધરપકડને ટાળવા અંડરગ્રાઉન્ડ થઈ જવા કહેવામાં આવ્યું છે.

## ફુડ બિલ પર લોકસભામાં સોમવારે ચર્ચા : કમલનાથ

નવી દિલ્હી,તા. ૨૩

સોનિયા ગાંધીના મહત્વકાંક્ષી ફુડ બિલને લઈને હજુ પણ મામલો આગળ વધી રહ્યો નથી. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે આજે કહ્યુ હતુ કે લોકસભામાં કામગીરી શનિવારના દિવસે ચાલશે પરંતુ ફુડ સિક્યુરિટી બિલને ચર્ચા માટે અને પસાર માટે સોમવારના દિવસે હાથ ધરવામાં આવશે. આનો મતલબ એ થયો કે આવતીકાલે આના પર કોઈ પણ ચર્ચા થસે નહીં. સોમવાર બાદથી એજન્ડામાં લોકસભામાં હોવા છતાં તેના પર ચર્ચા થઈ નથી. રાજ્યસભામાં શનિવારના દિવસે કોઈ બેઠક યોજાશેનહીં. બિલના મામલે ભારે હોબાળો થી રહ્યો છે. ફુડ બિલને પસાર કરવાના હેતુસર હાલમાં સંસદના મોનસૂન સત્રને લંબાવવાનો નિર્ણય કરવમાં આવ્યો છે. મોનસૂન સત્ર ચોથી સપ્ટેમ્બર સુધી ચાલનાર છે. લોકસભા અને કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી નજીક હોવાથી કોંગ્રેસ સરાકર વહેલીતકે આ બિલને પસાર કરવા માંગે છે. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા પ્રધાને કહ્યુ હતુ કે આ બિલ લોકસભામાં આવતીકાલે હાથ ધરવામાં આવશે નહીં કારણ કે ચાવીરૂપ બિલ અંગે મોટા ભાગના નેતાઓ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવા માંગે છે. શનિવારના દિવસે ગૃહની કાર્યવાહી થશે પરંતુ ફુડ સિક્યુરિટી બિલ સોમવારે હાથ ધરવામાં આવશે. કમલનાથનું કહેવું છે કે આ તમામ લોકોએ સોમવારે ફુડ સિક્યુરિટી બિલ હાથ ધરવા માટે અપીલ કરી ચુક્યા છે જેથી આવતીકાલે નહીં બલકે સોમવારે આના પર ચર્ચા થશે. સોમવારે બિલ પસાર થઈ જાય તેમ માનવામાં આવે છે. દરમિયાનમાં લોકસભામાં લાપતા ફાઈલો અંગે પણ ચર્ચા હાથ ધરવામાં આવનાર છે. કેટલીક ફાઈલો મળી ગઈ હોવા છતાં ભાજપ અને અન્ય રાજકીય પક્ષો ભારે નારાજ છે. તેલંગાણાનો મુદ્દો પણ હોબાળો મચાવી રહ્યો છે.

## ઝારખંડને ખાસ દરજ્જો આપવા ફરીવાર માંગણી

રાંચી,તા. ૨૩

ઝારખંડ સરકારે હવે ખાસ દરજ્જા માટેની હવે અપીલ કરી છે. રાજ્યને ખાસ દરજ્જો આપવા માટેની કોઈ પણ દરખાસ્ત કરવામાં આવી નથી તેવા રાજ્યસભામાં કેન્દ્રિય આયોજન પ્રધાન રાજીવ શુક્લા દ્વારા કરવામાં આવેલા નિવેદન અંગે ઝારખંડે નારાજગી વ્યક્ત કરી છે. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત શોરેને કહ્યુ છે કે અમે ખાસ રાજ્યનો દરજ્જો આપવા માટેના પરિબળો પર ફેરવિચારણા કરવા કેન્દ્ર સરકારને અપીલ કરી ચુક્યા છીએ.

આ સંબંધમાં ટૂંક સમયમાં જ કેન્દ્ર સાથે વાત ચીત કરવામાં આવશે. ઝારખંડ માટે ખાસ દરજ્જાની માંગણી ફરી કરવામાં આવી રહી છે. ઝારખંડમાંથી તમામ રાજકીય પક્ષોએ શુક્લાના નિવેદનને કમનસીબ તરીકે ગણાવીને આની ટીકા કરી છે. આ નિવેદન ખૂબજ કમનસીબ છે. ભાજપના વરિષ્ઠનેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી અર્જુન મુંડાએ કહ્યુ છે કે કેન્દ્ર સરકાર વાસ્તવિકતા તરફ ધ્યાન આપી રહી નથી. ઝારખંડને શા માટે ખાસ રાજ્યનો દરજ્જો આપવાની માંગ થઈ રહી છે તે બાબત તરફ ધ્યાન આપી રહી નથી. ઝારખંડમાં આ મુદ્દે સર્વપક્ષીય મિટિંગ બોલાવવાની માંગ કરવામાં આવી છે. રાજ્યના વિકાસને આગળ વધારવા માટે ખાસ દરજ્જો ખુબ જરૂરી છે.

## રૂપિયા ૪૪૦૦૦ કરોડના અનાજને દર વર્ષે નુકસાન

નવી દિલ્હી,તા. ૨૩

સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવના પરિણામ સ્વરૂપે ફળ, અનાજ અને શાકભાજી દર વર્ષે મોટા પ્રમાણમાં સડી જાય છે. દર વર્ષે ૪૪૦૦૦ કરોડની કિંમતના ફળ, અનાજ અને શાકભાજી નાશ પામે છે. પ્રશ્ન કલાક દરમિયાન કેન્દ્રિય ફુડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રધાન શરદ પવારે રાજ્યસભામાં આ મુજબની માહિતી આપી હતી. પવારે કહ્યુ હતુ કે ફળ ફળાદી અનેશાકભાજીનુંવાર્ષિક નુકસાન આશરે ૧૩૩૦૯ કરોડની આસપાસનો થઈ જાય છે જ્યારે ઘઉં, ચોખા, અનાજ અને અન્ય પ્રકારના અનાજોના નુકસાનને ધ્યાનમાં લેવામાં આવે તોએક વર્ષમાં આશરે ૪૪૦૦૦ કરોડનું નુકસાન થાય છે. સ્ટોરેજના અભાવની સમસ્યા ખૂબ જટિલ છે. જો કે આના માટે સરકારે ઘણા બધા પગલા પહેલાથી જ લીધા છે. વધારાની સ્ટોરેજ ક્ષમતા ઉભી કરવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે. ચોક્કસ રાજ્યોની કામગીરી આના માટે ખૂબ સારી રહી છે. જો કે તેમણે કોઈ રાજ્યના નામનો ઉલ્લેખ કર્યો ન હતો. પવારે ઉમેર્યુ હતુ કે વર્ષ ૨૦૧૨માં આયોજન પંચ દ્વારા રચવામાં આવેલી સોમિત્ર ચૌધરી કમીટીએ કહ્યુ હતુ કે દેશમાં ૬૧.૩ મિલિયન ટનના કોલ્ડ સ્ટોરેજની જરૂરિયાત છે જેની સામે હાલમાં ૨૯ મિલિયન ટનની આસપાસ છે. વર્તમાન અંતર ૩૨ મિલિયન ટનની આસપાસનું છે. પવારે ઉમેર્યુ હતુ કે સરકાર નાણાંકીય સહાયતા ઉપલબ્ધ કરાવી રહી છે. પવારે ઉમેર્યુ હતુ કે રિટેલમાં એફડીઆઈ મુડીરોકાણથી સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબુત કરવામાં મદદ મળી શકશે. જો કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કરવા માટે સરકારના પ્રયાસો વધુ તીવ્ર બને તે જરૂરી છે. જુદા જુદા કાર્યક્રમો પણ આના માટે હાથ ધરવામાં આવે તે ખૂબ મહત્વપૂર્ણ છે.

## મુંબઈમાં ગેંગરેપને લઈને દેશભરમાં આક્રોશનું મોજુ

મુંબઈ,તા. ૨૩

૨૨ વર્ષિય ફોટોગ્રાફર પર સામુહિક બળાત્કારની ઘટનાથી દેશ ફરી એકવાર હચમચી ઉઠ્યુ છે. ટ્વિટર, ફેસબુક અને અન્ય શોશિયલ નેટવર્કીંગ સાઈટ પર લોકો તેમની નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. અપરાધીઓને સજા કરવાની માંગ તીવ્ર બની રહી છે. સોશિયલ નેટવર્કીંગ સાઈટો પર કેટલીક પ્રતિક્રિયાઓ ખૂબજ આઘાતજનક રહી છે. લાઈફ સ્ટાઈલ મેગેઝિન માટે ઈન્ટર્નશીપ કરી રહેલી યુવતિ બળાત્કારનો શિકાર બન્યા બાદ એક બાજુ પોલીસ તપાસ કરી રહી છે. કિરણબેદીએ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે વધુ એક આઘાતજનક બનાવ બન્યો છે. ભારતમાં મહિલાઓ હજુ પણ પોતાને બિનસુરક્ષિત ગણે છે. સ્મૃતિ ઈરાની, મિલિન દેવરા, બોમન ઈરાની, અનુપમ ખેર, શોભા ડે, ગુલ પનાન, નેહા ધૂપિયા, સૈલિના જેટલી, સોફી ચૌધરી, ફરહાન અખ્તર, મનોજ બાજપેઈ, ઈશાકોપીકર અને ચેતનભગતે પોતાની પ્રતિક્રિયાઓ આપી છે. દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં પણ હવે ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. થોડાક દિવસ પહેલા અમેરિકી મહિલા ઉપર હુમલો કરીને તેની સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. હવે દક્ષિણ મુંબઈમાં મહિલા ફોટોગ્રાફર ઉપર સામુહિક બળાત્કારનો બનાવ સપાટી ઉપર આવ્યો છે. મોટાભાગના લોકોનો આક્ષેપ છે કે વાણિજ્ય પાટનગર મુંબઈ પણ હવે દિલ્હીના માર્ગ ઉપર આગળ વધી રહ્યું છે. દિલ્હીમાં બળાત્કારના કેસ સૌથી વધારે નોંધાય છે જેથી દિલ્હી રેપ કેટેગરી પૈકીની છાપ ધરાવે છે. આવી સ્થિતિમાં મુંબઈમાં પણ હવે બનાવ વધી ગયા છે. સામુહિક ગેંગરેપના મામલાથી પોલીસની પણ ઊંઘ હરામ થઈ ગઈ છે. મુંબઈ પોલીસે તમામ જરૂરી માહિતી એકત્રિત કરવાના પ્રયાસો હાથ ધર્યા છે.

## ચેન્નઈ એક્સપ્રેસની કમાણી ૨૦૦ કરોડથી પણ વધુ થઈ

મુંબઈ,તા. ૨૩

શાહરુખખાન અને દિપીકા અભિનીત ચેન્નઈ એક્સપ્રેસ બોક્સ ઓફિસ પર થ્રીઈડિયટ્સના રેકોર્ડને તોડવાની નજીક પહોંચી ગઈ છે. આ ફિલ્મ સ્થાનિક બોક્સ ઓફિસ પર ૨૦૦ કરોડની કમાણીના આંકડાને પાર કરી ચુકી છે. રોહિત શેટ્ટીની ચેન્નઈ એક્સપ્રેસ આ વર્ષની સૌથી વધારે કમાણી કરનાર ફિલ્મ બની ગઈ છે. ૭૫ કરોડના બજેટ સાથે આ ફિલ્મ બનાવવામાં આવી હતી. ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી ઝડપથી ૧૦૦ કરોડની કમાણી કરવામાં પણ આ ફિલ્મે સફળતા મેળવી છે. આ ફિલ્મ મુંબઈ, દિલ્હી, પૂણે અને બેંગ્લોર જેવા મેટ્રોમાં જ સફળતા મેળવી રહી નથી બલકે નાના શહેરોમાં પણ આ ફિલ્મને સારી સફળતા મળી રહી છે. અમેરિકા, બ્રિટન, દક્ષિણ આફ્રિકામાં પણ આ ફિલ્મને સફળતા મળી રહી છે.

## સમાચાર ઝલક

- ઇન્ટરનેટ મારફતે લોકો હવે છેતરપીંડીનો શિકાર બને છે : એક સર્વે.
- ટ્રેક્ટર ટ્રોલી પાસિંગના કાળા કાયદા સામે કિસાન સંઘ લાલઘૂમ, આંદોલનની ચીમકી.
- 'લશ્કર-એ-તૌયબા' પાસે ૩ લાખ આતંકી.
- આજથી અમદાવાદની રીલીફ સિનેમાનાં દ્વાર બંધ, અમદાવાદની પહેલી એ.સી. સિનેમાં હતી.
- અમદાવાદમાં નેશનલ સ્પોર્ટ એક્સચેન્જની ઓફીસો પર આવકવેરાના દરોડા.
- મદ્રાસ કાફે શુક્રવારે દેશભરમાં રજૂ થશે, સ્ટે આપવા હાઇકોર્ટની ના.
- જામનગરના દરિયામાંથી રૂા. ૧૦૦ કરોડના ખર્ચે બનાવેલી તરતી જેટ્ટી ગુમ.
- કેન્દ્ર સરકારના કર્મચારીઓનું એસ.ટી.સી.નું મોટું કૌભાંડ : સીબીઆઇને તપાસ.
- ગુજરાત પોલીસમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૧૫ ટકા સુધી લઇ જવાશે.
- સુરતમાં કેદી ફરાર થવાથી ૩ કોન્સ્ટેબલો સસ્પેન્ડ.
- જન્માષ્ટમી પૂર્વે બજારમાં વેરાઇટી સાથેના રમકડાંનો ઢગલો.
- ખેલરત્ન એવોર્ડ માટે ફિક્સીંગ હોવાનો આક્ષેપો.
- આત્મહત્યાના પ્રયાસને હવે ગુનો નહિ ગણવામાં આવે.
- પશ્ચિમ ભારતમાં ચોમાસું ટનાટન, શાકભાજી અનાજનો જંગી પાક થશે.
- બેંક એકાઉન્ટ ખોલવા આધાર પુરાવો માન્ય રહેશે.
- પાકિસ્તાનમાં ગુજરાતી મુસ્લીમો ઉપર ક્રૂર અત્યાચાર, ૧૭૫નાં મોત.
- ડુંગળીનો ભાવ વધી રહ્યો છે, પરંતુ ખેડૂત પાસેથી માત્ર ૮ રૂપિયાનાં ભાવે લેવામાં આવે છે, દલાલો મલાઇ ચાઉં કરી જાય છે.
- હરિયાળી-ધાણાજીરૂં પરનો વેટ નાબૂદ થશે, નોટીફિકેશન ટૂંકમાં બહાર પડશે.
- પંજાબ સરકારમાં નાણાંકીય કટોકટી, કર્મચારીઓને પગાર ચુકવવા નાણાં નથી.
- સૌરાષ્ટ્ર રૂના ઉત્પાદનમાં દેશભરમાં મોખરે રહેશે, ૮૫ લાખ ગાંસડીઓ રૂ ઉત્પાદન થવાની શક્યતા.
- કરોડપતિઓ પર ઝીંકાશે ૩૫ ટકા ટેક્સ.
- સિરિયાની રાજધાની દમાસ્કસ પર આર્મીએ કેમિકલ હથિયારોનો ઉપયોગ કર્યો, ૧૩૦૦ વધુ લોકોનાં મૃત્યુ.
- સરકારી કચેરીઓમાં મહિલા જાતીય સતામણી સેલ ફરજિયાત.
- ભારતમાં દર વર્ષે ૧૨ મિલિયન યુનિટ લોહીની જરૂરીયાત.

## કોલસા કાંડ : ૧૬ લાપતા ફાઈલો ફરીથી મળી આવી

નવી દિલ્હી,તા. ૨૩

લાપત્તા થયેલી કોલસા કાંડની ફાઈલો બદલ વિરોધ પક્ષો તરફથી ટીકા ટિપ્પણીનો સામનો કરી રહેલા કેન્દ્રીય કોલસા મંત્રાલય દ્વારા આખરે લાપત્તા થયેલી ફાઈલો પૈકીની ૧૬ ફાઈલો શોધી કાઢવામાં સફળતા મળી છે. આ મંત્રાલયે સીબીઆઈને કહ્યું છે કે બાકીની ફાઈલો માટેના રેકોર્ડની ચકાસણી કરવામાં આવી રહી છે. કોલસા મંત્રાલયે ફાળવણી સાથે સંબંધિત ફાઈલોની વિગતો આપી દીધી છે. જેની ચકાસણી કરવામાં આવી રહી છે. સીબીઆઈ સુપ્રીમ કોર્ટમાં કોલસા કૌભાંડના સંદર્ભમાં તપાસ મામલે આગામી સપ્તાહમાં સ્ટેટ્સ રિપોર્ટ રજૂ કરનાર છે. કોલસા મંત્રાલયે પણ લાપત્તા થયેલી ફાઈલોના મામલામાં કાવતરા પાસામાં તપાસ કરવા સીબીઆઈને કહ્યું નથી. કોલસા મંત્રાલય પાસેથી જરૂરી ફાઈલોની યાદી સીબીઆઈએ આપી દીધી છે.

### આંખે દેખ્યું આંદામાન (પાના નં. ૪ નું ચાલુ)

'હાં, અરે બીજી એક વાત કહું સને ૧૯૮૮માં અહીં ખાસ નૌકાસ્પર્ધાનું આયોજન થયેલું. આંતર રાષ્ટ્રીય કક્ષાની આ નૌકા સ્પર્ધા માટે પહેલીવાર વિશ્વભરમંથી સહેલાણીઓ ના મોટા કાફલા અહીં આવ્યા. સાથે સાથે આલિશાન દરિયાઇ વહાણો લઇને આવ્યા હતા. આ નૌકા સ્પર્ધામાં ભારતના પ્રસિદ્ધ પાલ નૌકા ચાલક તારાપુરે ભાગ લીધો હતો.' જેના કારણે આ રોસ દ્વીપને વિશ્વભરમાં સારી એવી પ્રસિદ્ધિ મળી.

'અહીંની જે ઐતિહાસિક ઈમારતો છે. તે અંગે કંઇ સંશોધન વિગેરે થયું છે?' તે પૂછ્યું.

'હાં અહીંના ઐતિહાસિક દસ્તાવેજ એકત્ર કરવાનું કામ શ્રીમતી જોસના ગોવિલે સૌ પ્રથમ શરૂ કર્યું. તેની સાથે સાથે બીજી તરફ ચર્ચ, બેકરી, સૈનિકોની બેરેક, સ્વીમીંગ પુલની સાફસફાઇ પણ પણ થવા લાગી. ગર્વમેન્ટ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. રાઠોડે તેમના વિદ્યાર્થીઓ દ્વારા કબ્રસ્તાનની સાફસૂફી કરાવેલી. તેમને આ ટાપુના ઘણા ફોટા અને પોસ્ટરો તૈયાર કરાવ્યા. જેથી ટાપુનો ઈતિહાસ શું છે તે દુનિયાને ખબર પડે. પરંતુ આ ફોટા અને પોસ્ટરોના વેચાણ પર વાઈસ એડમિરલ લાખેડા તે પ્રતિબંધ લાઈ દીધેલો. તેમ છતાં ૧૮મી સદીના એ સમયગાળાને કારણે વિશ્વના પર્યટનના નકશામાં આ રોસ ટાપુનું એક સ્થાન ઊભું થયું. જેના લીધે પ્રવાસન ને પ્રોત્સાન મળ્યું. વાઈસ એડમિરલ પ્રેમદાસે અહીંના સમુદ્ર તર પર સમુદ્રિકા નામે એક મ્યુઝિયમનો પાયો નાંખ્યો હતો. પરંતુ સુનામીમાં તેને ઘણું નુકશાન થયું. સુનામી પણ ભારત સરકારના વિશેષ પેકેજ ને કારણે મોટી સંખ્યામાં દેશી પ્રવાસીઓ આવવા લાગ્યા. તેમને લાવવા અને લઈ જવા માટે વહાણની ફેરી સર્વીસ ચાલુ થઇ તેમાં તેઓ સારૂં કમાય છે.'

હાલમાં ભારતીય પર્યટન નિગમ દ્વારા રોસ ટાપુના ઈતિહાસ પર આધારિત ધ્વનિ અને પ્રકાશ કાર્યક્રમની યોજના ચાલે છે. તે ચાલુ થશે તો રાત્રે પણ ટાપુ ઝળહળી ઉઠશે અને તેમાં જીવંતતા દેખાશે. અહીંના ઈતિહાસને સન્માન અને ઓળખ આપવામાં ૯૩ વર્ષના અહીંના બુઝર્ગ રહેવાસી પ્રિતેન રે કોશીષ કરી રહ્યા છે. તેમનો જન્મ આ ટાપુના જ દવાખાનામાં સને ૧૯૧૭ માં થયો હતો. તેનાં પિતા એ.કે. રે તે સમયે અહીં સપ્લાય ઓફીસર હતા. પ્રિતેન રે એ આ ઉંમરે પણ એક પુસ્તક લખી આખી દુનિયાને આ ટાપુની ગઇકાલ અને આજનો પરિચય કરાવ્યો છે. પ્રિતેન રે એ અંગ્રેજીનું શિક્ષણ મિસ કેથેલિક બેરી પાસે લીધું હતું. જે સેલ્યુલર જેલના કુખ્યાત જેલર બેસીની પુત્રી હતી.

અમે વાતો કરતા કરતા ફરી પાછા જેટ્ટી પાસે આવી ગયા. પાછા જવા માટે ફેરી સર્વીસનું વહાણ તૈયાર હતું. અમે સૌ બેઠાં અને આગળની યાત્રા માટે પ્રયાણ શરૂ થયું.

## ભાજપ સંગઠનના વિવિધ મોરચા અને વિવિધ સેલની સંયુક્ત બેઠકમાં સર્વવ્યાપી-સર્વસ્પર્શી અભિયાન માટે આહ્‌વાન

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે વિવિધ પ્રદેશ મોરચા અને વિવિધ પ્રદેશ સેલની તેમજ પ્રદેશ હોદ્દેદારોની હાજરીમાં આજરોજ યોજાયેલી સંયુક્ત બેઠકમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭મી સપ્ટેમ્બરથી પંડીત દીનદયાળજીના જન્મદિવસ ૨૫ સપ્ટેમ્બર સુધી ભારતીય જનતા પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાંવિવિધ કાર્યક્રમોનુંઆયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમો સામાજીક તેમજ સંગઠનાત્મક સ્વરૂપના હશે અને રાજ્યના તમામ મંડલ સ્તર સુધી હાથ ધરાશે. કાર્યક્રમના ભાગરૂપે આગામી ૧૭ સપ્ટેમ્બરથી ૨૫ સપ્ટેમ્બર દરમ્યાન ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં એક લાખ લોકો સોશિયલ મીડીયાના માધ્યમથી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે જોડાશે.

ગાંધીનગર ટાઉન હોલ ખાતે યોજાયેલી પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલી સંયુક્ત બેઠકની વિગતો આપતા જણાવ્યુંહતુંકેઆજની બેઠકમાં ૭ મોરચાઓના અધ્યક્ષો અને ૩૧ સેલના પ્રદેશ કન્વીનરો સહિત વિવિધ મોરચાની કારોબારીના સદસ્યો, પ્રદેશ હોદ્દેદારો અને જિલ્લા પ્રભારીશ્રીઓ અને જિલ્લા પ્રમુખ-મહામંત્રીની બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી શ્રી આર.સી. ફળદુએ પક્ષ દ્વારા પ્રથમવાર યોજાયેલી બૃહદ બેઠકનુંમહત્વ સમજાવતાં મોરચા અને સેલને સર્વવ્યાપી અને સર્વસ્પર્શી બનાવવાની પક્ષની ભૂમિકા સ્પષ્ટ કરી હતી.

## રાજ્યમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યમાં આગામી ૪૮ કલાક દરમ્યાન ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. વરસાદે વિરામ લીધા બાદ છેલ્લા એક સપ્તાહથી ભારે ઉકળાટ સાથે ગરમી પડી રહી છે. જો કે ફરીને ગુજરાત પર અપરએર સાયક્લોનીક સરક્યુલેશન સીસ્ટમ ઉભી થતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી ૪૮ કલાક દરમ્યાન ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. પાટનગર ગાંધીનગર સહિત રાજ્યભરમાં ઉકળાટ સાથે ભારે ગરમી પડ્યા બાદ સાંજે હવામાનમાં એકદમ પલટો જોવા મળ્યો હતો અને વાદળછાયુ વાતાવરણ સર્જાવા પામ્યુ હતુ.

### અધિકાર રેલી... ● પહેલા પાનાનું ચાલું

પ્રા. શાળાઓમાં બાળકોને પાણીની તકલીફ છે. શિક્ષકોની ઘટ છે આ બધા પ્રશ્નો વારંવાર રજુ કરવા છતાં સરકારના પેટનું પાણી હાલતુ નથી.

શ્રી નીશીત વ્યાસે કહ્યુ કે પહેલો સગો પાડોશી પણ પાડોશી સાથે અબોલા રાખતા મુખ્યમંત્રી સપનાઓના વેપારમાંથી ઊંચા આવતા નથી અને ગ્રામ વિકાસ જેવો વિભાગ જાણે રામભરોસે ચાલતો હોય તેવુ લાગે છે. ગાંધીનગર શહેરના ગ્રામ વિસ્તારની પ્રજા હવે વધુ અન્યાય શાંખી લેશે નહિ.

### પાઠકનું અવસાન... ● પહેલા પાનાનું ચાલું

ચર્ચામાં રહ્યા હતા. ગુજરાત પોલીસના બે અધિકારીઓ સાથે સીબીઆઈ કસ્ટડીમાં સસ્પેન્ડ કરવામાં આવેલા પીપી પાંડેને મળવા માટે તેઓ પહોંચ્યા તેને લઈને પણ ચર્ચા જાગી હતી. અમિતાભ પાઠકે જાહેરમાં કહ્યુ હતુ કે તેઓ પાંડેને મળવા ગયા હતા કારણ કે પોલીસ ફોર્સની એકતામાં તેઓ માને છે. એમએસસીનું શિક્ષણ ધરાવનાર પાઠક મુળભૂતરીતે તેઓ ઉત્તરપ્રદેશના હતા. બેંકોકમાં ભારતીય દૂતાવાસના અધિકારીએ કહ્યુ છે કે મિશન દ્વારા પાઠકના પરિવારને તમામ મદદ કરવામાં આવી રહી છે. તેઓ પત્નિ, પુત્ર અને પુત્રીને છોડીને ગયા છે.

### જાહેર નિવિદા

**ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમીટેડ, ગાંધીનગર**

વહીવટી સંચાલક, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમીટેડ ગાંધીનગરની કચેરીના ઉપયોગ માટે નમૂના મુજબના કચેરીના નામ સરનામાવાળા પોસ્ટેજ કવર માલસામાન, પ્રિન્ટીંગ સહ ૧૦૦૦૦ નંગ (સાઈઝ ૨૮ સે.મી. ટ ૧૨ સે.મી.) પુરા પાડવા માટે આ કામ કરતી સંસ્થા પાસેથી તા. ૨૯/૮/૨૦૧૩ સુધીમાં લેટરહેડમાં રજીસ્ટર પો.એ.ડી. / કુરીઅર દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે. ભાવો મોકલવા તેમજ વધુ વિગતો માટે નીચે સંપર્ક કરવા વિનંતી.

**જનરલ મેનેજર (પ્રો.)**
**ગુજ. રા.મા.વિ.નિ.લિ.**
**નિર્માણ ભવન, ભોંયતળિયે** માહિતી/૧૦૪૪/૧૩-૧૪

### પહોંચતી નથી... ● છેલ્લા પાનાનું ચાલું

ગુજરાતમાં ભાજપ સરકારે ગ્રામ્ય વિસ્તારના આત્માને કચડવાનુ પાપ કર્યુ છે તે માફીને પાત્ર નથી. તેમણે જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રીશ્રીના નિવાસસ્થાનની નજીકના જ ગામડાઓની આ હાલત છે તો આખા રાજ્યના ગ્રામ્ય વિસ્તારમાં શું સ્થિતિ હશે તે સમજી શકાય તેમ છે.

આ રેલીને મંજૂરી આપવાની આનાકાની અંગે પણ તેમણે સરકારને આડે હાથ લીધી હતી.

પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસે રેલીને સંબોધતા જણાવ્યુ હતુ કે ગ્રામ વિકાસ એ મોદી રાજના એજન્ડામાં નથી. આ ગામના પાણીના પ્રશ્ને આંદોલન કરવાની ફરજ પડી હતી. તેમણે આ ગામડાઓના રહીશોને પ્રોપર્ટી ટેક્ષમાંથી મુક્તિ આપવાના કોર્પોરેશનના પ્રસ્તાવે આ સરકારે ફગાવ્યો હોવાનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે આ ગામોના પ્રશ્નો કોંગી શાસનમાં જ્યારે પણ રજુ થયા ત્યારે તેને સાંભળી અને ઉકેલ માટે સતત પ્રયત્નો સરકારોએ કર્યા છે.

પૂર્વ ધારાસભ્ય શ્રી ડૉ. સી.જે. ચાવડાએ સંબોધતા જણાવ્યુ હતુ કે મોદી સરકારને ઉદ્યોગપતિઓના વિકાસમાં રસ છે. ગ્રામ્ય વિસ્તારની પ્રા. શાળાના ઓરડાઓ કેન્દ્રની સર્વ શિક્ષા અભિયાન તળે બાંધવામાં આવ્યા છે રાજ્ય સરકારે કાણી પાઈ ખર્ચી નથી.

તેમણે મોદી સરકાર પક્ષ આક્ષેપોનો મારો ચલાવતાં આક્રોશપૂર્ણ રીતે જણાવ્યુ હતુ કે સ્વર્ણીમ સંકુલ બાંધ્યુ એટલા પૈસા ગ્રામ વિકાસ માટે ખર્ચ્યા હોત તો ગ્રામ્ય વિસ્તારની રોનક ઓર નિખાર પામત.

શ્રી ચાવડાએ જણાવ્યુ હતુ કે અસરગ્રસ્તોને નોકરી અને ધંધા માટે દુકાનો આપવાનો નિર્ણય કોંગ્રેસ શાસનમાં થયો હતો. ભાજપે કશુ કર્યુ નથી. તેમણે જણાવ્યુ હતુ કે પ્રશ્નો સાંભળવાનો પણ સમય સરકારને નથી.

આ સભાને ઈન્દ્રવિજયસિંહ ગોહિલે સંબોધતાં જણાવ્યુ હતુ કે સરકાર ઉદ્યોગપતિઓ માટે લાલજાજમ બિછાવી રહી છે પણ ગ્રામોત્થાન કે ગ્રામીણ યુવકની રોજગારી માટે ચિંતા કરતી નથી તે દુઃખદ છે.

નાગરિક બેંકના ડિરેક્ટર અને પ્રદેશ મંત્રી શ્રી હિમાંશુ પટેલે જણાવ્યુ હતુ કે આ સરકાર ગામડા વિરોધી છે. ખોટુ બોલવા ટેવાયેલી સરકાર જોરથી જુઠુ બોલી પોતાની વાત સાચી છે તેવુ ઠસાવવાનો નિર્લજ્જ પ્રયાસ કરી રહી છે. શ્રી પટેલે એવો આક્ષેપ કર્યો હતો કે ખોટુ કરાવનાર આ સરકારના પોલીસ અધિકારીઓ આજે જેલમાં છે. ગામના લોકો ભેગા થઈ પ્રશ્નો અંગે ચર્ચા કરવાની વાત કરે તો સરકાર મંજુરી આપવામાં ઠાગાઠૈયા કરે છે એ કેવો ન્યાય છે?

આ સભાને સંબોધતાં શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી જીતુ રાયકા, શૈલેન્દ્રસિંહ બિહોલા, શ્રી હસમુખ મકવાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા.

આ રેલીમાં વોર્ડ નં. ૪ના કાઉન્સીલરો શ્રી પ્રવિણ પટેલ, શ્રી અશ્વિન વ્યાસ, શ્રીમતિ ભાવનાબા વાઘેલા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, જિલ્લા પ્રમુખ શ્રી જશુભા રાણા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.